## રાજકોટ ચેમ્બર ઓફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ની માંગણીનો સ્વીકાર....
## રાજકોટના મુસાફરો માટે તા.૨૮-૫-૨૦૨૦ થી સ્પાઇસ જેટ ની હવાઈ સેવા રાજકોટ થી શરુ કરવામાં આવશે...

લોકડાઉનના ચોથા તબકકાના આખરી દિવસો દરમ્યાન કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલ અમુક મુકિત તથા છુટછાટો અન્વયે કેટલીક હવાઈ મુસાફરી શરૂ કરવામાં આવેલ છે. જે અનુસંધાને રાજકોટ માટે એક પણ હવાઈ સેવા શરૂ ન કરવાનો અન્યાય કરવામાં આવેલ.

રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોવા ઉપરાંત તમામ ઔદ્યોગિક, વાણિજિયક, ખેત વિષયક તથા સેવા પ્રદાન ક્ષેત્રે આગવુ યોગદાન ધરાવે છે તેમજ રાજકોટ-સૌરાષ્ટ્રના તમામ ઉદ્યોગકારો તથા મેડિકલ સુવિધાઓ માટે રાજકોટ-મુંબઈ તથા રાજકોટ-દિલ્હી અવર-જવર કરતા હોય છે. જે અનુસંધાને રાજકોટ ચેમ્બર દ્વારા રાજકોટ શહેરથી હવાઈ સેવા શરૂ કરવા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, ઉડયનમંત્રીશ્રી હરદિપસિંધ પુરી રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા સાંસદ સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયા તેમજ શ્રી મનસુખભાઈ માંડવીયાને ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ. જે રજુઆતને માન આપી તા.૨૮-૫-૨૦૨૦ થી સ્પાઈસ જેટની સવારની ફલાઈટ રાજકોટ-મુંબઈ શરૂ કરવામાં આવશે. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કરાયેલ માંગણીનો સ્વીકાર કરવામાં આવેલ છે અને રાજકોટના મુસાફરોને હવાઈસેવા માટે કોઈપણ મુશ્કેલીનો સામનો કરવો નહી પડે.